સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિની વ્યકિતઓને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની માનવગરીમા યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૦૭/૩૬૭/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૩-૩-૨૦૦૭

વંચાણે લીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૯૯-ન.બા.૯-અ તા.૯-૫-૨૦૦૦
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસસીડબલ્યુ-૧૦૨૦૦૦-૫૮૩-ગ તા.૬-૨-૨૦૦૪
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૯૯-ન.બા.૯-૧૩૮૨-(૪)-અ તા.૨૮-૧૨-૨૦૦૪
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૦૭-૩૬૭-અ તા.૧૬-૩-૨૦૦૭

સુધારા ઠરાવ :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય આપવા માટેની માનવગરીમા યોજના ઉપર જણાવેલ ઠરાવોથી અમલમાં છે. ઉપર ક્રમાંક-૪માં દર્શાવેલ સરકારશ્રીના તા.૧૬-૩-૨૦૦૭ના ઠરાવમાં જણાવ્યા મુજબ આ યોજના હેઠળ સને.૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષ દરમ્યાન આ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના ઇસમોને ટૂલ્સકીટ / સાધનો ખરીદી આપવાને બદલે રોકડેથી ચૂકવણું કરવાનું ઠરાવેલ છે. જે અન્વયે શરતનં.૧ મુજબ પસંદ થયેલ ઇસમોએ સાધનોની ખરીદીનું બીલ નિગમની જીલ્લા કચેરીએ રજુ કરવાનું રહેશે.

પ્રસ્તુત બાબતમાં સરકારશ્રીએ કાળજી પૂર્વક વિચારણા કરીને શરતનં.૧માં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવેલ છે.

(પાછળ)

!! સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતી જાતિના ઇસમોએ સાધનોની ખરીદીનું બીલ અથવા કવોટશન રજુ કરવાનું રહેશે. ચેક મળી ગયા પછી દિન - ૧૫માં સાધનોની ખરીદીનું બીલ રજુ કરવાનું રહેશે.!!

ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( દિનેશ પી.કાપડીયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)
- વિભાગના સર્વે અધિકારીઓ
- સિલેકટ ફાઇલ.

પટેલ! એએન૧!